જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૨/૦૯/૨૦૧૭ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી ધારા હેઠળ ઝડપાયા :- સમાચાર યાદી નં.૧૮૪૧/૧૭

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ૪૪ કેસ કરી, ૩૬ વ્યક્તિઓને ઝડપી, ૫૪૮ લીટર દેશી દારૂ, ૩૫ બોટલ ઇંગ્લીશ દારૂ, ૦૩ બીયરટીન, ૦૧ એક્ટીવા, ૦૧ રીક્ષા અને ૦૧ કાર કબજે કરી હતી.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૮૪૨/૧૭

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૬૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડ ચોરીઃ- સમાચાર યાદી નં.૧૮૪૩/૧૭**

વટવા : (૧) લાલસીંગ જીલેસીંગ ચોપડા **(**રહે**,**હરીદર્શન પાર્ક સોસાયટી**,** સંકેત ટેનામેન્ટ ની સામે ઈસનપુર વટવા) એ **વટવા** પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૦/૦૯/૧૭ સવારના કલાક ૯/૩૦ થી તા.૧૧/૦૯/૧૭ ના કલાક ૯/૪૫ સુધીનાં સમયગાળા દરમ્યાન લાલસીંગ નાઓની નારોલ અહમદાબાદ ટીમ્બર મરચન્ટ એસ્ટેટમા શિવમ કાર્ગો મુવર્સ, મુકેશ ઈન્ડસ્ટ્રીઝ ખાતેની ઓફીસનું શટર તોડી, અજાણી વ્યક્તિ ઓફીસમાં પ્રવેશ કરી, તીજોરીમાંથી રોકડ રકમ રૂપીયા ૧,૮૦,૦૦૦/- ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.એ.ગોહિલ ચલાવે છે.

(૨) બજરંગ સ/ઓ પાલારામ ખત્રી (રહે,સત્કાર હોમ્સ શ્રીરામ રેસીડેન્સીની બાજુમાં અસલાલી હાઈવે રોડ નારોલ વટવા) એ **વટવા** પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૦/૦૯/૧૭ સવારના કલાક ૯/૩૦ થી તા.૧૧/૦૯/૧૭ ના કલાક ૯/૪૫ સુધીનાં સમયગાળા દરમ્યાન નારોલ અહમદાબાદ ટીમ્બર મરચન્ટ એસ્ટેટમા દુકાન નં-૦૬ ઓલ ઈન્ડીયા ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન નારોલ તથા દુકાન નં-૦૨ તથા નંબર-૦૩ તથા નંબર-૦૫ ની ઓફીસોનું શટર તોડી અજાણી વ્યક્તિ ઓફીસોમાં પ્રવેશ કરી, લિનોવો કંપનીનો ફોન કિંમત રૂપિયા ૪,૫૦૦/- અને રોકડ રકમ રૂપીયા ૩૨,૭૦૦/- મળી કુલ રૂપિયા ૩૭,૨૦૦/- ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.એસ.પટેલ ચલાવે છે.

**સોનાનો દોરો ખેંચી તોડી લઇ ગયા :-** **સમાચાર યાદી નં.૧૮૪૪/૧૭**

**કૃષ્ણનગર :** વીરલ સુરેશભાઇ કુટમલ (રહે, માધવ એવન્યુ અમરદીપ સોસાયટીની પા.ટા.શીપ કેનાલ પાસે કૃષ્ણનગર) એ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૧/૯/૧૭ રાતનાં ૮/૪૫ વાગ્યાનાં સુમારે કૃષ્ણનગર નોબલ સ્કુલ રોડ પર આવેલ શારદા મેડીકલ ની સામેથી મોટર સાયકલ ઉપર પોતાની મમ્મીને બેસાડી પસાર થતા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ (૨૫ થી ૩૦ વર્ષનાં આશરાનાં) વીરલભાઇની મમ્મીનાં ગળામાંથી સોનાનો દોરો કિંમત રૂપિયા ૭૦,૦૦૦/- ખેંચી તોડી લઇ ગયા હતા. આ ગુનાનીતપાસ પો.સ.ઈ.શ્રી એ.એસ.અસારી ચલાવે છે.

**બાપુનગર :** રમીલાબેન વા/ઓ મહેશકુમાર પટેલ (ઉ.વ.૪૦)(રહે,વાડીલાલ પાર્ક, એલ.બી.એસ. રોડ બાપુનગર) એ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૧/૯/૧૭ સાંજનાં ૬/૦૦ વાગ્યાનાં સુમારે બાપુનગર વાડીલાલ પાર્ક ના નાકા આગળથી પસાર થતા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ (૨૫ થી ૩૦ વર્ષનાં આશરાનાં) રમીલાબેનનાં ગળામાંથી સોનાનો દોરો કિંમત રૂપિયા ૨૦,૦૦૦/- ખેંચી તોડી લઇ ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.એ.પટેલ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૮૪૫/૧૭**

**શહેરકોટડા :** વિજેન્દ્ર ઉર્ફે લાલો સ/ઓ બાબુલાલ કલાલ (ઉ.વ.30)(રહે, સાંડિલ્ય ફ્લેટ જૈન ઉપાશ્રયની પાછળ સરસપુર) એ કોઇ અગમ્ય કારણસર તા.૧૧/૯/૧૭ સાંજનાં ૭/૧૦ વાગ્યા પહેલાં કોઇપણ સમયે પોતાના ઘરે છતના હુક પર લુંગી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી લીધી હતી. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માતમોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી અરખાભાઇ કરશનભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.